ઈસપ અને તેની વાતો
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈસપ અને તેની વાતો

ભાગ – ૩

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

66 ગ
૪૪

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल काँगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या 06 ग/५४

पंजिका संख्या ३२३६४

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨૩૬૪ (૨)

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૬૬

ઈસપ અને તેની વાતો

ભાગ – ૩

લોક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ



પ્રકાશક તરફથી ભેટ



ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

૪૦ નવા પૈસા એપ્રિલ, ૧૯૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

ઈસપની વાતો જગત્સાહિત્યમાં સ્થાન પામી છે. આ સાહિત્યનું એક લક્ષણ એ છે કે, તે વારંવાર વાંચીએ સાંભળીએ તોય તેનો રસ તાજો ને તાજો જ રહે અને પેઢી દર પેઢી જતાં છતાં તેનું વસ્તુ જૂનું ન થાય. તેનું કારણ એ છે કે, આ વાતોમાં ઈસપે માનવ સ્વભાવ, વૃત્તિ, તથા મનનાં વલણ-વળાંક અને લાગણીઓ વગેરેનું જે રીતે આકલન કરીને નિરૂપ્યું છે, તે એવું મૌલિક અને સનાતન છે. તેમાં જાતિ કે દેશ કાલની પણ મર્યાદા નથી. આથી જ તે કથાઓ અમર પણ બની છે.

આવી મશહૂર જગપ્રસિદ્ધ વાર્તાઓને 'લોકજીવન'ના વાચકો માટે લખવા માંડી હતી. તે હવે પુસ્તક રૂપે આપવામાં આવે છે. એનો અર્થ એ નથી કે, તે ગુજરાતીમાં અગાઉ ઊતરી નહોતી. અનેક કલમે ઊતરે તોય નવીનતા ન મટે એવી આ વાતો છે. અને આ વાર્તાઓના વસ્તુ પર કલમ જ નહીં, ચિત્રકારની પીંછી પણ એવી જ વિવિધતાથી ચાલી છે. આ ચોપડીમાં તે પરથી ચિત્રો પણ સંધર્યાં છે.

'લોકજીવન'માં પડેલી આ વાતો અને તેનાં ચિત્રો વગેરે વણીને પુસ્તકાકાર આપવાના કામમાં મારા સાથી-મિત્ર શ્રી મુકુલભાઈની મદદ ન હોત તો આ વાર્તાઓ આટલી વહેલી ન પ્રસિદ્ધ થઈ શકત. સમાજશિક્ષણ વાચનમાળાના મણકા તરીકે તે અપાય છે, તેથી ૪૮ પાનની મર્યાદા રાખી છે. આથી ત્રણચાર ભાગમાં તે એક પછી એક બહાર પડશે. તેના બે ભાગ આ અગાઉ બહાર પડી ચૂકયા છે. આ તેનો ત્રીજો ભાગ છે. આશા છે કે, આ ચોપડીઓ આબાલવૃદ્ધ સૌને ગમશે.

૨૮–૩–'૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૩

ઈસપની વાતો

૧. વાઘ આવ્યો રે વાઘ! ૫
૨. વરુ અને ઘેટું ૮
૩. છોકરો અને મગફળીનો ઘડો ૯
૪. ચકલાં અને રાણનું ખેતર ૧૦
૫. બે થેલી ૧૧
૬. સાગ અને કંથાર ૧૨
૭. પશુ, પંખી ને ચામાચીડિયું ૧૩
૮. ઘોડો અને તેનો રાવત ૧૬
૯. વરુ અને સારસ ૧૭
૧૦. મધ અને માખ ૧૯
૧૧. મૃગ અને તેનું બચ્ચું ૨૦
૧૨. કૂકડો અને સમડી ૨૧
૧૩. માખી અને તાલિયો ૨૨
૧૪. ખેડૂત અને કોયલ ૨૪
૧૫. વરુ અને માણસની ખોપરી ૨૬
૧૬. બે બૈરીનો ધણી ૨૭
૧૭. વરુ અને બકરું ૨૮
૧૮. પ્રેમમાં પડેલો સિંહ ૩૦
૧૯. ઝાડ અને કુહાડી ૩૨
૨૦. પાળેલો કૂતરો અને વરુ ૩૪
૨૧. ચોર અને કંન્દૂસ ૩૬
૨૨. તરસ્યો કાગડો ૩૯
૨૩. તરસ્યું કબૂતર ૪૧
૨૪. માણસ અને મરણ ૪૨
૨૫. માખીઓનો ઝઘડો ૪૪
૨૬. બકરો અને વેલો ૪૫
૨૭. ગધેડા-સિંહ ૪૬
૨૮. વરુ અને બકરો ૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

વાઘ આવ્યો રે વાઘ !



ગમત ખેલને ખાતર જૂઠું બોલીએ અને પછી જૂઠાબોલામાં ખપીએ, તો કેવી હાનિ થાય, તે બતાવવા માટે 'વાઘ આવ્યો રે વાઘ !'ની ઈસપની નીચેની વાત કહેવત બની ગઈ છે.

એક ભરવાડનો છોકરો હતો. રોજ ઘેટાંબકરાં ચારવા વગડામાં જતો. ઘેટાંબકરાં આમ તેમ ચરતાં હોય ત્યારે તે તેમના ઉપર નજર રાખે, એ એનું કામ. પણ એમાં ઝાઝું કરવાનું કાંઈ મળે નહીં, એટલે તે આમ તેમ ફરે, મનમાં આવે તો પાવો વગાડે; કોઈ વાર આમ તેમ બોર વીણતો ફરે. એને ખાસ સંભાળ રાખવાની એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, કોક દહાડો ઓચિંતો પાસેની ઝાડીમાંથી વાઘ કે વરુ ન નીકળી આવે. તે આવે તો ધૂમો પાડવી, એટલે પાસેનાં ખેતરોમાં કે વગડામાં કોઈ હોય તે દોડી આવે, — આમ એના બાપે એને કહી રાખેલું.

એક દહાડો બકરાંઘેટાં લઈને તે ચરાવવા ગયો હતો. થોડો વખત આમ તેમ ફરીને તેણે કાઢ્યો. પછી કાંઈ કરવાનું મળે નહિ, એટલે તેને કંટાળો આવ્યો, ને શું કરું કે મજા પડે, એ તરંગ ઉપર એનું મન ચડ્યું. કદી વાઘ વરુ આવેલું નહિ, એટલે તે આવે તો શું થાય એની એને જાત-માહિતી નહોતી. એટલે એને તુક્કો સૂઝ્યો, "લાવને ધૂમ પાડીએ; જોઈએ તો ખરા કે કોણ કોણ દોડી આવે છે! જરા મજા આવશે." આમ વિચારી એ જોરથી ત્રાડ પાડવા લાગ્યો, "વાઘ આવ્યો રે વાઘ!"

ત્રાડ સાંભળી પાસેના કેટલાક લોકો ડાંગ ને ધારિયાં લઈને દોડી આવ્યા. આવીને છોકરાને પૂછ્યું, "ક્યાં છે વાઘ?"

વાઘ હોય તો છોકરો બતાવે ને! એ પૂછનારાઓ સામે જોઈને ખડખડ હસવા લાગ્યો ને તેણે કહ્યું, "એ તો મેં ખાલી મજાને સારુ ધૂમ પાડી હતી. મને થયું કે, લાવને જોઈએ તો ખરા, કેવી ગમત થાય છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહારે ધાયેલા લોકો છોકરા પર ચિડાઈને ચાલ્યા ગયા.

હવે છોકરાને તો આ હાંસીખેલની વાત થઈ ગઈ. એને એમાં મજા પડી. એક બે અઠવાડિયાં પછી આમ જ એણે તો ફરી કંટાળો કાઢવાની ઉપરની દવા કરી. પહેલાંની પેઠે લોકો દોડી આવ્યા, અને બનીને બિચારા પાછા ગયા. પણ હવે એમણે જોયું કે, "છોકરો ટીખળ કરી આપણને બનાવે છે. આ છોકરાની બૂમ સાચી ન માનવી."

એક વાર એવું બન્યું કે, ખરેખર ઝાડીમાંથી વાઘ આવ્યો. છોકરાએ તે જોઈ કારમી ચીસ પાડી, "વાઘ આવ્યો રે વાઘ!" આસપાસ કામ કરવા આવતા લોકો હવે શાના દોડે? એમણે માન્યું કે, આ તો પેલા તોફાની નાદાન છોકરાનું ટીખળ છે; દોડી જવાની જરૂર નથી. અને કોઈ તેની પાસે ગયું નહિ. છોકરો ચીસો પાડતો રહ્યો. જીવ બચાવવા પોતે એક ઝાડ પર ચડી ગયો. વાઘે એનાં કેટલાંય ઘેટાંબકરાંને મારી નાખ્યાં.

થોડી વાર પછી ખાવા માટે શિકાર લઈને વાઘ ચાલ્યો ગયો. એટલે છોકરો રડતો રડતો ઝાડ પરથી નીચે આવ્યો અને પાસેના ખેતરમાં જઈ તેણે ત્યાંના લોકોને વાત કરી. પણ હવે શું થાય? જની માથાવટી ન્હૂઠાબોલાની પડી ગઈ, તેનો સાચો બોલ પણ પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કોણ માને? આ ઉપરથી જ પેલો બોલ એક કવિએ કહ્યો છે કે,

'જે જન મશ્કરી કરવા જાય,
મોડો વહેલો તે સપડાય;
જૂઠાણું જલદી પકડાય,
આખર જૂઠો જન પસ્તાય.'

૨

વરુ અને ઘેટું

એક ખેડૂતની ખળીના છાપરા ઉપર ઘેટું ઊભું હતું. ઊભું ઊભું ચારે તરફ જોતું હતું. તેવામાં ત્યાં આગળ નીચેથી એક વરુ જતું તેણે જોયું. તેને જોઈને ઘેટાને રોફ મારવાનું મન થઈ આવ્યું: "એ અલ્યા વરુ! શું જોઈને અહીં આવ્યું છે? ભાગ અહીંથી. અહીં અમારા ખેતરમાં તારા જેવા ગંધાતાનું કામ નહીં."

વરુએ ઘેટા સામે જોયું. તેને ક્રોધ ચડ્યો. તેણે કહ્યું, 'બાયલા! અહીંયાં રોફ મારે છે ને? કોક વાર બીડમાં કે કચાંક ફરી ભેગો થાય, ત્યારે વાત કરજે; તો તને દેખાડીશ.'

વાત એમ છે કે, ખુલ્લા મેદાનમાં જે હિંમત દાખવી શકાય એમ ન હોય, તે ઘરને ખૂણે દાખવવાની પતરાજી ન કરવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

છોકરો અને મગફળીનો ઘડો

એક ઘડામાં મગફળી હતી. અર્ધોક ઘડો ભરેલો હતો. એક છોકરાએ મગફળી લેવા ઘડામાં હાથ ઘાલ્યો. મૂઠો ભરીને લઈએ તો વધારે આવે ને? અને ઝટ નીકળે અને ખૂબ નીકળે! એટલે પેલાએ તો ભરાય એવડો મૂઠો ભર્યો અને હાથ બહાર કાઢવા ગયો. પણ ઘડાનું મોં સાંકડું હતું. તેથી હાથ નીકળે નહીં! એ તો ખૂબ ગભરાયો. એને થયું, આ તો મગફળી લેવા જતાં હાથ જ સપડાઈ ગયો! એણે તો હાથ કાઢવા જોર કર્યું. પણ મગફળીનો એકે દાણો આઘો ન કરે! એટલે હાથ કેમનો નીકળે? આથી તેણે તો રડીને બૂમ પાડી, 'ઓ બા!'

પાસેથી એની બા દોડતી આવી. છોકરાની ગમ્મત જોઈ તે હસી પડી અને કહે, 'એકસામટી બહુ શું કામ લે છે? થોડી થોડી લઈને કાઢ.'

પણ મોટેરા પણ આવી જ રીતે ઘણી વાર વર્તે છે. ગજા ઉપરવટ જઈને બાથ ભીડે છે અને પછી આમ જ ભરાઈ પડે છે. લોભ પણ યુક્તિ અને અક્કલ વગર નથી સધતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ચકલાં ને શણનું ખેતર

ખેતરમાં ખેડૂત શેરિયાં વાવતો હતો. જાત જાતનાં ચકલાં આમ તેમ ચણતાં હતાં. તેવામાં તેમાંથી એક ચકલીએ કહ્યું, 'જુઓ ભાઈઓ, તમને એક વાત કહું. પેલો ખેડૂત શણ વાવે છે. તમે એનાં એકેએક બી વીણી વીણીને ચણી લેશો. નહીં તો તમને કહું છું કે, તમારે આગળ ઉપર પસ્તાવું પડશે.'

ચકલાં એવાં તો તાનમાં હતાં કે તેમણે આ વાત ગણકારી નહીં. તે તો પહેલાં પેઠે ગમે તેમ ચણતાં રહ્યાં.

પછી તો શેરિયાં ફૂટવા લાગ્યાં. જોત જોતામાં શણના છોડ ઊગ્યા. તેમાંથી શણ થયું. તેની દોરીઓ ભગાઈ. દોરીઓની જાળ ગૂંથાઈ. અને એ જાળ વડે પારધીઓ પક્ષીઓ પકડવા લાગ્યાં, ત્યારે તેમને પેલી ચકલીની સલાહ યાદ આવી. પણ ત્યારે મોડું થઈ ગયું હતું.

આથી જ આપણામાં કહેવાય છે કે, રોગને અને પાપને મૂળથી જ ડામવાં જોઈએ, નહીં તો તે વકરીને પછી માણસને લાચાર કરી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

બે થેલી

ભૂલ કોનાથી નથી થતી? દોષ કોનામાં નથી? માણસમાત્ર ભૂલને પાત્ર છે; કોઈ દોષ વગરનો નથી; દરેકમાં સારું અને નઠારું બેઉ હોય છે.

પણ માણસ શું કરે છે? સામાની ભૂલ તે ઝટ જુએ છે; પોતાની જોતા નથી.

આનું શું કારણ?

વાત એવી છે કે, માણસને ગળે બે થેલીઓ વળગેલી છે; એક આગળ હોય છે અને એક પાછળ. બંને થેલીઓ લોકોની ભૂલો અને દોષોની વાતોથી ભરપૂર ભરેલી રહે છે. આગલી થેલીમાં બીજા લોકોની ભૂલો ભરાય છે; પાછલી થેલીમાં આપણી પોતાની ભૂલો જાય છે. એટલે આગલી થેલીની બીજા લોકોની ભૂલો આપણે જોઈએ છીએ; અને પાછળની આપણી ભૂલોની થેલીને જોતા નથી!

તેથી સમજણા માણસ આ થેલીઓ ઉલટાવી લે છે. પારકાની ભૂલોનો થેલો ન દેખાય એમ પાછળ કરે છે; અને પોતાની ભૂલોનો થેલો દેખાય એમ આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
લાવે છે. કેમ કે, પેલી કહેવત છે કે, આપ ભલા તો જગ ભલા. આપણે ભલા થવું હોય તો આપણી ભૂલોની થેલીને નજર સામેથી આઘી ન થવા દેવી.

૬

સાગ અને કંથાર

એક જંગલમાં સાગનું ઝાડ હતું. તેની પાસે કંથારનું ઘુંચું હતું. એક દહાડો સાગ પોતાની મોટાઈના અભિમાનમાં આવી ગયું અને કંથારને કહે, 'તું શા કામનું છે? ખાલી કાંટા જ વગાડે; લોકો તારાથી દૂર જ રહે છે. મારા વગર ઘરબાર કે કાંઈ થઈ ન શકે. દરેકને મારું કામ. તારું તે જીવતર છે!'

કંથાર કહે, 'હા ભાઈ, તારી વાત સાચી છે. પણ જરા ધીરજ રાખ. જે દહાડે કઠિયારા તેમના કુહાડા ને કરવત લઈને આવે તે દહાડે વાત કરજે. ત્યારે તને કંથાર થવું સારું કે સાગ, એની ખબર પડી જશે.'

નમ્રતામાં નવ ગુણ રહેલા છે. અભિમાનની અકડાઈથી તો પતન જ થાય. વાવાઝોડું આવે ત્યારે મોટા મોટા વડ અને પીપળા પણ ઊખડી પડે છે; પણ પાસેના છોડવા હાલતા ચાલતા અને નમતા રમતા ત્યાં મજામાં રહે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

પશુ, પંખી ને ચામાચીડિયું



એક વાર પશુઓ અને પક્ષીઓ વચ્ચે મોટી લડાઈ થઈ. પશુઓ માથું વીંઝે, શીંગડાં મારે, બચકાં ભરવા જાય અને લાતો ફેંકે; પક્ષીઓ પાંખો ફફડાવે, ચિચિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
યારીઓ પાડે, ને ચાંચ મારે; અને જેવાં પશુ મારવા આવે તેવાં તરત ઊડી જાય. એમ લડાઈ ચાલતી હતી. કેટલીય વાર સુધી આ કે તે કોઈ બાજુ હઠતી નહોતી. કોક વાર એમ લાગે કે પશુ જીતશે; કોક વાર એમ લાગે કે પક્ષી જીતશે.

આ લડાઈમાં ચામાચીડિયાની દશા બહુ દયાજનક હતી. તે પશુમાં ખપે એવું અને પાંખો હોવાથી પક્ષીમાંય ખપે એવું અડૂકદડૂકિયું પ્રાણી છે. એટલે પશુપંખીની લડાઈમાં તે કઈ બાજુ લડે? એણે એવી હોશિયારી કરી કે, શરૂમાં તો તે આમેય ન ગયું અને તેમેય ન ગયું; જોયા કરે કે કોણ ફાવે છે. 'પશુના પક્ષમાં જઉં ને પક્ષીઓ જીતે તો! પક્ષીઓના પક્ષમાં જઉં ને પશુઓ જીતે તો!' — આમ વિચારીને તે તાલ જોયા કરતું હતું. લડાઈ આગળ વધી. ચામાચીડિયાને લાગ્યું કે, પશુઓ જીતશે કે શું? એટલે તે તરત તેમની બાજુ જોડાઈને લડવા લાગ્યું. ત્યાં તો પાછાં પક્ષીઓ જોર કરવા લાગ્યાં. ઝનૂનભેર તેમણે જંગ માંડ્યો. અને થોડી વારમાં તે જીતે એવો તાલ જામ્યો! આ જોઈ ચામાચીડિયું વિચારમાં પડી ગયું. પણ ત્યાં તો જંગ પૂરો થયો — પક્ષીઓ જીત્યાં! હવે?

પક્ષીઓની સેના ભેગી મળી. તેમનો સેનાપતિ જોતો હતો કે, કોને કોને કેટલું વાગ્યું; કોણે કોણે કેવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બહાદુરી કરી. જુએ તો સેનામાં ચામાચીડિયું પણ હતું. તેને જોઈ પંખીઓનો નાયક ગરજી ઊઠ્યો, 'કેમ અલ્યા! તું અહીં કયાંથી ભરાયું છે? હમણાં તો અમારી સામે લડતું હતું અને અમે જીત્યાં એટલે આમ આવી ગયું! જા અહીંથી હરામખોર; તું તો પશુદળમાં છે.'

અને લાગલાં પક્ષીઓ તેના ઉપર તૂટી પડ્યાં ને બિચારા ચામાચીડિયાને ભાગવું પડ્યું. તે પશુઓ પાસે પહોંચ્યું.

પશુઓ કહે, 'અહીંથી પણ તું જા. તારો વિશ્વાસ કોણ કરે?' અને પશુઓ પણ એના પર તૂટી પડ્યાં.

ચામાચીડિયાના હાલ થઈ ગયા. ન પશુદળ તેને લે, ન પક્ષીદળ. જ્યાં જાય ત્યાંના લોક તેને મારવા લે. એમાંથી કોઈને મોં દેખાડવા જેવું રહ્યું નહીં. એટલે તેણે બિચારાએ નક્કી કર્યું કે, આપણે રાતે જ બહાર નીકળવું અને આખો દહાડો અંધારું ખોળીને કોઈ જગાએ ભરાઈ રહેવું. ત્યારથી ચામાચીડિયાં રાતે જ બહાર નીકળે છે. અને તેથી જ અડૂકદડૂકિયા માણસને ચામાચીડિયાની સાથે સરખાવાય છે. એવડા માણસને બંને બાજુના લોક ધિક્કારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

ઘોડો અને તેનો રાવત

એક શેઠે ઘોડાને માટે રાવત રાખ્યો હતો. તે રાવત ઘોડાની સરસ ચાકરી કરતો. તેને ખરેરો કરે, નવડાવે, ખૂબ થાબડે, પંપાળે. તેનો તબેલો પણ મજાનો ચોખ્ખો રાખે. પણ એક વાતમાં તે ચૂકતો હતો. શેઠ ઘોડા માટે ચંદી આપે તેમાંથી તે ચોરી ખાતો હતો.

એક દહાડો ઘોડાએ તેને કહ્યું, 'ભાઈ, તું મારી બરદાસ ચાકરી કરે છે, તે તો રાજાને પણ અદેખાઈ ઉપજાવે એવી છે. એ વાતે તું કશું કહેવાનું રાખતો નથી. પણ એનાથી હું કાંઈ તાજેમાજે થવાનો નથી. એનાથી મારી ચામડી ચોખ્ખી રહેશે, પણ ઝાઝી તગમગશે નહિ. જે બધું તું કરે છે એ ઠીક છે. પણ એ તો વર વિનાની જાન જેવું કે મિષ્ટાન્ન વિનાનાં ચટણી પાપડ જેવું નકામું છે. જોઈએ તો એ તું ઓછું કર, પણ મહેરબાની કરીને ચંદી મને વધારે આપ તો પેટ ભરાય.'

આમ જ આપણે સમાજમાં કરવાના કામનો કે આપણી ફરજનો મૂળ મુદ્દો ચૂકીને, આળપંપાળ કરવા લાગીએ છીએ અને જાતને ને સમાજને છેતરીએ છીએ. સત્યનો મોટો શત્રુ હોય તો દંભ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગ
૮૪
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

વરુ અને સારસ



એક વરુ હતું. હાથ આવેલા શિકારનું માંસ તે ખાતું હતું. ખાતાં ખાતાં હાડકાનો એક ટુકડો આવ્યો, તેને એ ગળી ગયું! ભોગ–જોગે હાડકું ગળામાં ભરાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આથી તે બિચારું હેરાન થઈ ગયું. ન હાડકું બહાર કાઢી શકાય; ન તે ગળી શકાય; કે ન તે એની મેળે નીચે ઊતરે!

આ પીડાનું માર્યું તે આમથી તેમ મદદ માટે દોડવા લાગ્યું. જે પશુ કે પક્ષી મળે તેને કરગરે, 'મારા ગળામાં હાડકું ભરાયું છે તે કોઈ ના કાઢો? જે કાઢશે તેને ઇનામ આપીશ.' પણ ગળામાં ઊંડે ઊતરેલું હાડકું કોણ કાઢે? કેવી રીતે કઢાય?

છેવટે, એક સારસડું તેને મળ્યું. તેની લાંબી ચીપિયા જેવી ચાંચ જોઈને વરુને થયું, લાવ આ સારસને કહું; તે ભલું પક્ષી જરૂર મદદ કરશે. 'સારસભાઈ, એક મહેરબાની ના કરો?'

સારસ — શું છે? મારાથી બને તો જરૂર કરું. કરું તો શું આપશો?

વરુ — જુઓને, મારા ગળામાં આ હાડકું ભરાયું છે. તમારી ચીપિયા જેવી લાંબી ચાંચથી તે કાઢો તો હું તમને તેના બદલામાં ઇનામ આપીશ.

આમ કહી વરુ નીચે બેઠું અને મોં પહોળું કરી સારસ આગળ ધર્યું. સારસે તરત પોતાની ચાંચ વરુના મોમાં નાખી અને હાડકું પકડીને બહાર કાઢ્યું. પછી પોતાનું ઇનામ માગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરુ કહે, 'ઇનામ તો તને મળ્યું ને! તેં મારા મોંમાં ચાંચ ઘાલી ત્યારે મેં મોં બંધ કરી દીધું હોત તો? વરુ જેવા વરુના મોંમાં તેં ડોક નાખી, છતાં તે મેં કરડી ન ખાધી તે ઓછું ઇનામ છે કે?'

સારસ પક્ષી સાનમાં સમજી ગયું, ગરજ સરી એટલે વૈદ્ય વેરી!

૧૦

મધ અને માખ

મધનો શીશો ફૂટી જવાથી મધ ઢોળાયું. તે ખાવાને માટે માખો તેની ઉપર બેસવા લાગી. મધની મીઠાશનું તો પૂછવું જ શું? માખો તે ખાવાના લોભમાં ને લોભમાં બેસતી ગઈ અને ખાતી ગઈ. અને ધીમે ધીમે તેમાં કળાતી પણ ગઈ. સ્વાદની લહેરમાં એનું ભાન તેમને ન રહ્યું.

ખાઈ ખાઈને કચાં સુધી ખાય? થાકીને માખો ઊડવા જાય છે, તો પગ તો ઘટ્ટ મધમાં કળી ગયા હતા! કેમ કરીને પછી ઊડે! ત્યારે તેમને ભાન આવ્યું કે, 'આપણે તે કેવી મૂરખ કે થોડીક વારની ખાવાની લહેરમાં જીવ જેવો જીવ જોખમાઈ બેઠી!'

ઇંદ્રિયોનાં સુખમાં ફસાય તો માણસનું પણ આવું જ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

મૃગ અને તેનું બચ્ચું

મૃગલીનું બચ્ચું એક વાર તેની માને કહે, 'મા, તું કૂતરા કરતાં મોટી છે. દોડે છે પણ તેના કરતાં કચાંય ઝપાટામાં : પવનવેગે જ દોડે છે કહેવાય. વળી તારે શીંગડાં છે. માથું વીંઝે તોય કૂતરાને ગબડાવી દે. તોપણ તું કૂતરાથી શું કામ ડરે છે? એની સામે થાય તો?'

મૃગલી કહે, 'બેટા, તારી બધી વાત સાચી છે. આપણી જાતને દોડવામાં કોણ હરાવી શકે? માથું મારીએ તો શીંગડાં જરૂર કૂતરાને વાગે ને તે ભાગે. પણ વાત એમ છે કે, કૂતરું ભસતું સાંભળતાંની સાથે મારા મોતિયા જ મરી જાય છે. પગને કહેવુંયે નથી પડતું ને તે લાગલા જ ભાગવા માંડે છે. અને મનમાં સામે થવાની વાત જ ન ઊઠે, પછી શું થાય?'

બચ્ચું — પણ સામે થવું જોઈએ. મા, તારી શક્તિ ઓછી નથી.

મા — બેટા, તું મોટું થા; પછી એ આપણે જોઈ શું.

હિંમત અને બહાદુરી કાંઈ દલીલ અને તર્કની બાબત નથી. તર્કથી જો બહાદુર થવાતું હોય તો કોણ કાયર કે બાયલું રહે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३२२८४

૧૨

કૂકડો અને સમડી

બે નાના કૂકડા હતા. કલક કલક કરતા તેઓ આમ તેમ જીવડાં વીણી ખાતા હતા. એક કૂકડાને એક કીડો મળી ગયો. તે લઈને ખાય તેવામાં બીજા કૂકડાએ તે જોયું. તે તરત તેની ઉપર તડચો. બે વચ્ચે કીડાને માટે બરોબર મારામારી શરૂ થઈ. તેમાં એક કૂકડો હાર્યો અને નાસીને મરઘી-ખાનામાં ભરાઈ ગયો. વિજેતા કૂકડાએ ડોક ફુલાવી ઊંચી કરી; અને મરઘી-ખાનાની ઉપર જઈ ઉચ્ચાસને બેઠો. અને ત્યાંથી જાણે પોતાના વિજયની જાણ કરવી હોય તેમ, બોલવા લાગ્યો.

બન્યું એવું કે, તે જ વખતે એક મોટી સમડી ઉપરથી જતી હતી. તે કાંઈક ખાવાનું શોધતી જ હતી. તેણે કૂકડાને જોયો અને તેના પર ઝપટ મારી તેને ઉઠાવ્યો. એમ, જીતનો ગર્વ પૂરો માણી પણ લેવાયો નહોતો, ત્યાં જ એનો ઉતાર આવી ગયો!

ચડે તે પડે એ ન્યાય ખોટો નથી કહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

માખી અને તાલિયેા



નાની શી માખ કેટલી તેાફાની છે, એ આપણે જાણીએ છીએ. આપણે ઉડાડ ઉડાડ કરીએ, પણ એ તેા એવી નફટ છે કે તે આવીને બેસવાની જ. આપણને આથી ખૂબ પજવણી થાય છે. પણ તેથી તેને શું ?

માથે તાલવાળેા એક માણસ હતેા. ઊડતી ઊડતી એક માખ આવીને તેની તાલ ઉપર બેઠી અને ચટકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
માર્યો. તાલિયાએ તરત માથા પર ટપલી મારી; પણ તે પહેલાં માખ ઊડી ગઈ! ટપલી બિચારાને પોતાને જ વાગી; અને તાલ પર તે બરોબર ચોંટી ગઈ. હજી તેનો ચચરાટ મટ્યો પણ નહોતો, ત્યાં તો માખ પાછી આવીને તાલ પર બેઠી. માણસ વધારે છંછેડાયો, અને આ વેળા જરા જોરથી ટપલીનો ઝપાટો માર્યો. આ વખતે પણ માખી તો છટકી ગઈ; બિચારાને ટપલી ફરી બરોબર ચોંટી ગઈ!

આટલું બસ ન હોય તેમ, માખી આ ગમત જોઈને હસવા લાગી; 'તને કેવો બનાવ્યો!' એમ જાણે ન કહેતી હોય!

તાલિયો કહે, 'તું મૂર્ખ છે. તને ભાન નથી. જે ટપલીથી તને હસવું આવે છે, તે જો તને જ લાગતને, તો તારા તો પ્રાણ જ જાત! મને તો ઠીક છે, જરા લાગ્યું ન લાગ્યું; પરંતુ તું સંભાળજે. ગમત માનીને જો આવે ચાળે ચડીશ તો કોઈક વાર જીવ ખોઈ બેસીશ. બીજાને પજવણી કરીને તેનું ટીખળ કરવું એ ઠીક છે; પણ એ પજવણી પોતા ઉપર પાછી વળીને આવે તેનો ખ્યાલ રાખવાનું ભૂલવું નહીં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

ખેડૂત અને કોયલ

એક ખેડૂત હતો. તેને કોયલનું ગાયન બહુ ગમતું હતું. તેણે વિચાર કર્યો, 'આ કોયલ તેની મરજીમાં આવે તો કે ત્યારે બોલે છે, એ ન ફાવે. મારે જ્યારે સાંભળવું હોય ત્યારે તો ન પણ બોલતી હોય. એટલે તેને પકડીને પાંજરામાં રાખીએ તો સરસ. પછી તે આપણી થઈ; જેમ કહીએ તેમ કરશે; જ્યારે એનું ગાયન સાંભળવું હશે ત્યારે સાંભળી શકાશે.'

આમ વિચાર કરીને તે ખેડૂતે કોયલને પકડવા માટે જાળ નાખી અને તેને પકડી. પકડીને એક પાંજરામાં પૂરી. પછી તે એને કહે, 'જો, કેટલાય દહાડાથી હું તને પકડવા માગતો હતો. હવે હું કહું ત્યારે તું ગાઈશ ને? તું હવે આમ તેમ ઊડી ન જાય તે માટે મેં તને પાંજરામાં પૂરી છે.'

કોયલ — ભાઈ, તમારી વાત તો ઠીક છે. પણ પાંજરામાં તો અમે કોયલ જાત કદી ગાઈએ જ નહીં, એનું કેમ?

ખેડૂત — એમ! તો હું તને ખાઈ જઈશ, તો પેટમાં તો કાંઈક પડશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોયલ — અરે ખેડૂતભાઈ, દયા રાખો. મને જીવતી જવા દો તો હું તમને કોયલ કરતાં તો કંઈક વધારે કીમતી ત્રણ વસ્તુઓ કહું. મને ભાઈસાહેબ, જવા દો તો હું તે કહું.

ખેડૂત લોભાયો. તેણે કોયલના પાંજરાનું બારણું ઉઘાડ્યું. કોયલ ઊડીને પાસેના ઝાડની ડાળીએ બેઠી. ખેડૂત કહે, 'હવે કહે પેલી તારી ત્રણ કીમતી વાતો.'

કોયલ — જરૂર. મારે વચન પાળવું જોઈએ. તો સાંભળો —

એક તો એ કે, કેદીનું કદી કહ્યું માનવું નહીં. બીજું એ કે, ડાહ્યાઓની શિખામણ છે કે,

યો ધ્રુવાણિ પરિત્યજ્ય
અધ્રુવં પરિષેવતે ।
ધ્રુવાણિ તસ્ય નશ્યન્તિ
અધ્રુવં નષ્ટમેવ ચ ॥

હાથની વસ્તુ સોનાની; વેગળી તે તો વેગળી જ ને? અને ત્રીજું એ કે, જુઓ, હવે હું તો આ ચાલી; પણ તેનું દુઃખ ન કરતા. સુખદુઃખ, લાભહાનિ તો આવ્યા કરે; જ્ઞાનીઓ કહે છે કે,

નાનુશોચન્તિ પંડિતાઃ

સમજણા લોક તેનું દુઃખ નથી કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એમ કહીને કોયલબહેન બેડૂતના પાંજરામાંથી બચીને ડાળ પરથી ફૂ કરતાંને રવાના થઈ ગયાં!

૧૫

વરુ અને માણસની ખોપરી

એક વરુ જંગલમાંથી જતું હતું. રસ્તામાં તેણે માણસની ખોપરી પડેલી જોઈ. વરુને થયું, આ શું છે? તેણે તેને પોતાનો પંજો મારી જોયો. ખોપરી જરાક ગબડીને ઊભી રહી; તેણે વરુને કાંઈ કર્યું નહીં કે કહ્યું નહીં.

આ જોઈ વરુ વિચારે ચડ્યું, "આ પણ વિચારવા જેવી વાત ગણાય. આ ખોપરી જ્યારે માણસ હશે ત્યારે એ કેવો રૂડો રૂપાળો ને મજ્જાદાર હશે? કેવો ખાઈપીને મજા ઉડાવતો હશે? ત્યારે કોઈ એનું નામ લેત તો? પણ આજે એ આમ પડેલો છે — ખાલી હાડકાંનું બોખું માત્ર! એનો કશો બખ પણ નથી. તો પછી એ માણસનું શું રહ્યું? તેની મોજમજા ને માનપાણી કયાં ગયાં? હા, એણે કાંઈક ભલું કામ કર્યું હશે તો તેને જ લોક આજે યાદ કરતા હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

બે બૈરીનો ધણી



એક જણ બે વાર પરણ્યો હતો. એક સ્ત્રી જુવાન હતી, અને બીજી તેના જેવી આધેડ ઉંમરની મોટી હતી. ઉંમર થતાં તે માણસના વાળ ધોળા થવા લાગ્યા. પેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એની ઉંમરની પત્નીના વાળ પણ ધોળા થવા લાગ્યા. પણ જુવાન સ્ત્રીને ધોળા વાળ ગમે નહીં. તેથી તે ધણીના વાળ ઓળે ત્યારે તેમાંથી ધોળા વાળ વીણી વીણીને ટૂંપી કાઢે. જ્યારે બીજી સ્ત્રી વાળ ઓળે ત્યારે તે એથી ઊલટું કરેઃ એને કાળા વાળ નકામા લાગે અને તે એને ટૂંપી કાઢે. થોડા મહિના પછી આનું ફળ એ આવ્યું કે, તે માણસનું માથું લગભગ વાળ વગરનું બોડું થઈ ગયું! આમ પેલા માણસના વાળની દશા ધોબીના કૂતરા જેવી થઈ રહી —ન તે આ સ્ત્રીને ગમે એવો રહ્યો કે ન પેલી સ્ત્રીને!

સૌને રાજી રાખવા જનારનું કામ એવું છે કે, છેવટે કોઈ રાજી નથી રહેતું; એટલે પોતે પણ રાજી નથી થતો!

૧૭

વરુ અને બકરું

ડુંગરની ઝાડીમાં એક બકરું ચરતું હતું. તેવામાં એક વરુ આવી પહોંચ્યું. તેને જોઈને બકરું ખૂબ ઊંચે ડુંગર પર ચડી ગયું; વરુ નીચે તળેટીમાં બેઠું. તેને મનમાં એમ હતું કે, થાકીને બકરું નીચે આવશે, ત્યારે તેને મારી ખાઈશ.

બકરું તો વરુને જોઈ નીચે ઊતરે જ નહીં. વરુ ખસે ત્યારે તે ઊતરે ને? ત્રણ દહાડા એમ ચાલ્યું. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરુએ એક યુક્તિ કરી. તેણે મોટેથી બકરાને કહ્યું, 'બકરાભાઈ, જુઓ, મને તો હવે કકડીને ભૂખ લાગી છે, એટલે હું તો ખાવાનું શોધવા આ ચાલ્યો.'

એમ કહી તે ત્યાંથી ચાલ્યું અને પાસેની ઝાડીમાં જઈ સંતાઈ ગયું.

બકરાએ તેને જતું જોયું. એણે માન્યું કે, વરુ ખરેખર હવે ગયું અને ઊતરવામાં કશો ભો નથી. એટલે તે નીચે આવ્યું.

તેને પણ ભૂખ ને તરસ બરોબર લાગી હતી. પાસે એક ઝરણું હતું, ત્યાં તે પાણી પીવા ગયું.

ઝરણાનું પાણી કાચ જેવું ચોખ્ખું હતું. બકરાનું પ્રતિબિંબ પાણીમાં પડતું હતું. તે જોઈ બકરાભાઈને મનમાં ગર્વ થયો, 'વાહ, મારું પણ કાંઈ રૂપ છે તે! કેવા મજબૂત મારા પગ છે! અને કેવી મારી દાઢી છે! અને શીંગડાંનું તો પૂછવું શું? હવે જો વરુ આવે તો આ મુછાળો તેને દેખાડી દે!'

આમ બકરો શેખચલ્લીના ઘોડા દોડાવતો હતો, ત્યાં જ વરુ નીકળી આવ્યું, અને તેણે તેને પકડી લીધું.

શેખીની છોળ કરતાં અક્કલનો છાંટો સારો, એ બકરાભાઈને ભાન ન રહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

પ્રેમમાં પડેલો સિંહ



એક સિંહ હતો. જંગલમાં એક કઠિયારો આવતો જતો હતો. તેની છોકરીને સિંહે જોઈ. એ તો તેના ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મોહાઈ પડ્યો! અને એક દહાડો છોકરીના બાપ પાસે જઈને કહે, 'મને તારી દીકરી પરણાવ.'

કઠિયારો સામે સિંહ જોઈને ગભરાયો. અને એની વાત સાંભળીને તો એ વળી વધારે ગભરાયો. પોતાની દીકરી સિંહને પરણાવવા તે ખુશી નહોતો. તેનાથી ડરીને દીકરીને ઓછી ગરદન મરાય? એટલે હિંમત કરીને તેણે તો સિંહને કહ્યું, 'જુઓ વનરાજ, તમે કહો છો તે ખરું; પણ મારો વિચાર નથી. માફ કરજો.'

સિંહ તો એ જવાબ સાંભળી તાડૂકયો. તે ગુસ્સે થઈ ગયો અને કઠિયારાને કહેવા લાગ્યો, 'તું મને ના કહે છે? જાણે છે? હું સિંહ છું.'

કઠિયારો હવે તો બરોબર ગભરાયો. તેણે કહ્યું, 'જુઓ સિંહરાજ, વાત એમ છે કે, મારી દીકરી સાદી સીધી છોકરી. તે તમારા વિકરાળ નખ અને બિહામણા દાંત જોઈને છળે છે. એને તમારી જોડે કેવી રીતે પરણાવું?'

સિંહ — ઓહો, એટલું જ છે ને? નખ ને દાંત કાઢી નંખાવું તો?

કઠિયારો — વાહ! તો પછી શો વાંધો હોય?'

સિંહ દોડ્યો. તેણે તો દાંત અને નખ કઢાવી નંખાવ્યા. કન્યાના પ્રેમને ખાતર એટલું ન કરે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાંત અને નખ વગરના થઈ ને સિંહભાઈ પાછા કઠિયારા પાસે પહોંચ્યા, 'ચાલ, હવે તારી દીકરી મને પરણાવ.'

કઠિયારો તૈયાર જ ઊભો હતો. તેણે જોયું કે સિંહને નથી દાંત રહ્યા ને નથી નખ. પછી શું ? હાથમાંથી કુહાડી લઈ તે સિંહ ઉપર તડચો : 'આવ્યો છે મોટો પરણવા !'

સિંહ સમજી ગયો. જીવ લઈ ને તે કઠિયારાને બારણેથી ભાગ્યો.

પ્રેમથી અંધ થયો તો સિંહ જેવાની પણ આવી લાચાર દશા થઈ.

૧૯

ઝાડ અને કુહાડી

એક કઠિયારો હતો. તેની પાસે કુહાડી હતી, પણ તેનો હાથો નહોતો. હાથા વગર કેમ ચાલે ? એટલે તે હાથો લેવા જંગલમાં ગયો. ત્યાં ઝાડનો તો પાર નહોતો. જાત જાતનાં ઝાડ હતાં. ખાખરો, સાદડો, મહુડો અનેક ઝાડ હતાં. કઠિયારો કહે, 'તમે જરા જેટલી મહેરબાની ન કરો ? મને એક હાથા જેટલું તમારું ડાળ ન આપો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
'એમાં શું મોટું માગ્યું!' મોટાં ઝાડ કહે. 'એ અમે તો ન આપીએ. કોઈ બાવળ ફાવળ જેવા ઝાડ પાસેથી જોઈએ તો લઈ લો.'

કઠિયારે બાવળનો હાથો બનાવી કુહાડી તૈયાર કરી. પછી તો પૂછવું જ શું? તેણે તો ચારે બાજુ કુહાડી ચલાવવા માંડી. એક પછી એક ઝાડ ધડાધડ પડવા લાગ્યાં. નાનાં શું અને મોટાં શું? જેના પર કુહાડી ચાલી તે બસ પડ્યું જ છે! આ જોઈ મોટાં ઝાડ અંદર અંદર વાત કરવા લાગ્યાં, 'આપણે બાવળ જેવાને નકામો કે હલકો ગણી કાપવા દીધો, તેનાં આ ફળ છે! સૌ સાથે રહ્યા હોત તો કઠિયારો આપણા ડાળના હાથા વગર હાથેપગે જ થઈ જાત! આપણે જ માંહોમાંહે આંતરો રાખીને ચાલ્યા અને શત્રુની કુહાડીના હાથા બન્યા! હવે સદાંકાળનું આ કુહાડીનું આપણું દુઃખ ઊભું થયું. પણ હવે શું થાય?'

કુસંપનાં ફળ આવાં જ મળે છે. જ્યાં સંપ ત્યાં જંપ, એ આ પરથી જ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

પાળેલો કૂતરો અને વરુ

એક જણનો પાળેલો કૂતરો રખડતો રખડતો એક જંગલમાં જઈ ચડ્યો. ત્યાં એને એક વરુ મળ્યું. વરુને કેટલાય દિવસથી શિકાર મળ્યો નહોતો. તેથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બિચારું સુકલકડી નર્યાં હાડકાં જેવું થઈ ગયું હતું. કૂતરો તો પાળેલો હતો. તેને રોજ નિયમસર ટંકે ધણીને ત્યાં ખાવાનું મળતું. તેથી તે બરોબર તગડો તગતગતો હતો.

વરુને કૂતરાનું વાન જોઈ અદેખાઈ આવી. તેને થયું, 'આ કેવો નસીબદાર હશે? લાવ એને પૂછું, તે આવો તાજેમાજો કેવી રીતે થતો હશે?'

આમ વિચારી વરુએ કૂતરાને કહ્યું, 'કેમ કૂતરાભાઈ, જે જે. આ બાજુ કચાંથી?'

કૂતરો — સહેજ ફરતો ફરતો. બાસ કાંઈ કામ મારે હોતું નથી. રાતે ધણીના ઘરની ચોકી કરવાની એ જ.

વરુ — વાહ, એ તો મજાનું. પણ ખાવાપીવાનું શું?

કૂતરો — રોજ એ તો ધણી આપે; આપણે એની ચિંતા નહીં.

વરુ — એ તો બહુ સારું. જુઓ, હું તો કેટલાય દહાડાથી ભૂખે મરું છું. મને તમારો શેઠ ખાવાનું આપે?

કૂતરો — શું કામ નહીં? તમે જો મારી જોડે ચોકી કરવામાં જોડાઓ તો તમનેય ખાવાનું મળે.

વરુ — જરૂર. તમારી દોસ્તી પણ મળે. બંને મળી લહેરથી કામ કરી શકીશું.

પણ કૂતરાભાઈ, આ તમે ગળે શું બાંધ્યું છે?

કૂતરો — એ તો મારો પટો છે. કેમ તમને ગમે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વરુ — તે શું કામ રાખ્યો છે?

કૂતરો — એની જોડે સાંકળ બાંધીને ધણી મને દિવસે તેના ઘરમાં બાંધી રાખે છે. રાતે છોડે ત્યારે આમ ચોકી કરતા કરતા ફરવાનું; દિવસે મને ઘેર બાંધી રાખે.

વરુ — કૂતરાભાઈ, તો તો રામ રામ! મારે એ ન જોઈએ. 'મળે તો મીર, નહીં તો ફકીર' એવો મારો ઘાટ આજ છે, તે જ મને તો ઠીક છે. મને બંધાવાનું તો મુદ્દલ ન રુચે. ભલે ભૂખે મરું કે સૂકું લૂખું હાડકું મળે તો કરડી ખાઈશ; પણ બંધનમાં મળતા મલીદા મને તો ન જ ખપે. ચાલો, આવજો. જય જય.

૨૧

ચોર અને કંજૂસ

એક કંજૂસ માણસ હતો. કંજૂસાઈ કરી કરીને એણે કેટલીય સોનામહોરો એકઠી કરી. કોઈ જુએ તો લઈ જાય, તેથી તેણે તેમને એક ચરુમાં મૂકી તેને એક ઝાડ નીચે દાટી રાખ્યો હતો. અને કોઈ ન જુએ એવે વખતે એ રોજ ત્યાં જાય અને પેલો ચરુ બહાર કાઢે, મહોરો જોઈને પોતાની મેળે ને મેળે મલકાય, અને ગણીને પાછી ચરુમાં મૂકી દાટી દે. આમ તે રોજ કરતો હતો. એમાંથી તે મહોરો એકઠી કર્યાનો લહાવો માણતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દહાડો એવું બન્યું કે, તે મહેારો ગણતો હતો ત્યારે એક ચેાર પાસે છુપાયેા હતેા. કંન્જૂસે તેને જોયેા નહેાતેા; ચેારે તેા કંન્જૂસ શું કરે છે તે લપાઈ રહીને બરેાબર જોઈ લીધું. રેાજના નિયમ પ્રમાણે કંન્જૂસે પેાતાની પૂંજી ગણી લઈને પાછી જમીનમાં દાટી દીધી. પછી તે ઘેર ગયેા.

હવે ચેારનેા વારેા આવ્યેા. તેણે પેલેા ચરુ ખેાદી બહાર કાઢયેા. પછી તેણે વિચાર કર્યેા, "આ કંન્જૂસ માણસ છે, તે સૌ કેાઈ જાણે છે. તેની પૂંજી ઠીક મારે હાથ ચડી ગઈ. એ તેા લઈ જાઉં. પણ ચરુમાં મહેારેા જેટલા કાંકરા મૂકું તેા સારું. કંન્જૂસને મહેારેા વાપરવી તેા છે નહીં; ખાલી ગણવી જ છે. એટલે એ કાંકરા પણ ગણી લે તેા ચાલે." આમ વિચારી ચેારે મહેારેાને બદલે એટલા કાંકરા મૂકી ચરુ હતેા તેમ પાછેા દાટી દીધેા ને મહેારેા લઈને રવાના થઈ ગયેા.

બીજ દિવસે કંન્જૂસ તેની પૂંજી ગણવા પેલા ઝાડ પાસે આવ્યેા. રેાજ પેઠે ચરુ બહાર કાઢયેા, પણ જુએ તેા તેમાં કાંકરા જ મળે! આથી એ તેા પેાક મૂકીને રડવા લાગ્યેા અને તેણે ધૂમાધૂમ કરી મૂકી.

તે સાંભળી આસપાસના લેાકેા તેની પાસે દેાડી આવ્યા; "શું છે? શું છે?" પૂછવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
રડતો રડતો કંજૂસ કહે, "હાય હાય રે! મારી મહોરો કોક લઈ ગયું!"

લોકોએ કહ્યું — પણ તેમાં રડવાથી શું વળશે? તેં અહીં શું કામ મૂકી હતી?

કંજૂસ — કોઈ લઈ ન જાય, તેથી અહીં મેં સંતાડી રાખી હતી. રોજ આવીને ગણીને પાછી દાટી દેતો હતો. કોક ચોર મારું બધું ધન ચોરી ગયો!

'ઓ બાપ રે!' કરીને પાછો તે પોક પોક રડવા લાગ્યો.

લોકોમાંથી એક જણે તેને કહ્યું, 'પણ તું રડે છે શું કામ? મહોરોનો કશો ખપ તો તને હતો નહીં. તું તેને ગણતો જ હતો ને પાછી દાટી રાખતો હતો. ન એ તને કામની હતી કે ન બીજા કોઈને. ગણવા માટે તો તને કાંકરા પણ કામ લાગે. રોજ અહીં આવવું ને કાંકરા ગણવા. તારે ગણવા માટે જોઈએ, ત્યાં પછી મહોર શું કે કાંકરા શું? તારે બેઉ સરખાં જ ગણાય.'

કંજૂસ આનો શો જવાબ આપે! કંજૂસનું ધન કાંકરા બરોબર જ ગણાય છે, તે આથી કરીને. તે નથી તેને કામનું કે નથી કોઈ બીજાને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

તરસ્યો કાગડો



એક કાગડાને ખૂબ તરસ લાગી. આમ તેમ બધે જોઈ વળ્યો કે, ક્યાંય પાણી મળે છે? તેવામાં એક ઝૂંપડા પાસે ચંબુ પડેલો નજરે ચડ્યો. રાજી થઈને થેકડા મારતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મારતો કાગડો તેની પાસે પહોંચ્યો. ચંબુમાં પાણી હતું; પણ થોડું હોવાથી ઊંડું હતું. કાગડાએ ચાંચ નાંખી જોઈ, પણ પાણી સુધી પહોંચી નહીં. હવે?

હોઠ સુધી આવેલો પાણીનો પ્યાલો હોઠે ન અડકે તો કેવું લાગે? કાગડો તરસ્યો તો હતો જ; પાણી જેવું પાણી મળ્યું; પણ ના મળ્યા જેવું જ! આથી તે મનમાં ને મનમાં ખૂબ અકળાયો. ચિંતા કરવા લાગ્યો કે, શું કરવું? ચંબુ ભારે હતો; તે ઝટ ગબડી જાય એવો નહોતો. કાંઈક ઉપાય કરવો જોઈએ.

આખિતો કાગડાને ઉપાય સૂઝ્યો. પાસે કાંકરા પડ્યા હતા. કાગડાએ એકેએકે તે ચંબુમાં નાંખવા માંડ્યા. આથી ચંબુનું પાણી ઊંચે આવ્યું. એટલે કાગડા-ભાઈએ મજાથી તે પીધું. પછી આનંદમાં આવી કા...કા કરતા પાસેના ઝાડ પર જઈને બેઠા ને નિરાંતે આસપાસ જોવા લાગ્યા.

કસોટીને વખતે બુદ્ધિ જો સાબૂત રહે અને ગભરાટ ન કરીએ, તો તેમાંથી નીકળવાનો માર્ગ મળી આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

તરસ્યું કબૂતર

ઊંધું ઘાલીને પડતું નાખવા બાબતમાં કબૂતર જાણીતું મૂરખ પક્ષી છે. એક કબૂતરને ખૂબ તરસ લાગી હતી. આમ તેમ બધે જોઈ વળ્યું કે, કયાંય પાણી મળે છે? પણ તેને કયાંય દેખાયું નહીં. થાકીને તે એક જગાએ બેઠું. એવામાં એક હોટેલવાળાના પાટિયા પર પાણીનો પ્યાલો ચીતરેલો કબૂતરે જોયો. જોઈને તેને લાગ્યું, 'વાહ, આ રહ્યું પાણી!' અને લાગલું તે ઊડ્યું એ પાટિયાના પ્યાલા ભણી! ન જોયું કે પ્યાલો ખરો છે કે ખોટો. જોતાંની સાથે એવા જોરથી તે ઊડ્યું કે પાટિયા સાથે ખૂબ અફળાયું. અફળાવાથી તેની પાંખને ઈજા થઈ. તેથી તેનાથી ઊડી ન શકાયું. હોટેલવાળાએ તેને તરત પકડી લીધું અને પાંજરામાં પૂર્યું. પાંજરામાં રાખી તેની પાંખનો ઇલાજ કર્યો. આથી પાંખ તો પાછી સાજી થઈ, પણ હવે ઊડવાનું રહ્યું નહીં, કેમ કે પોતાની ઉતાવળ અને અવિચારી ભૂલને લઈને તે સદાને માટે કેદી બની ગયું.

આપણા જ પગ ભાગે એવી ઉતાવળ શા કામની?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

માણસ અને મરણ



કાંઈક ભારે દુઃખ આવે, કશીક મોટી મુશ્કેલી નડે, ત્યારે લાગલા કેટલાક લોક કહે છે, 'આના કરતાં તો મોત આવે તો સારું.' માણસ માંદો પડે ત્યારે તો જરા જરામાં મોત માગવા માંડે છે. પરંતુ એ તો કેવળ નામનું જ હોય છે; દુઃખ કે કઢાપો કાઢવાની એ રીત થઈ ગઈ છે, એમ જ કહોને!

એક ડોસો હતો. માથે લાકડાંનો ભારો લઈને વગડામાંથી ઘેર આવતો હતો. ભાર ઠીક ઠીક હતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તેથી ડોસો રસ્તામાં થાકી ગયો; અને ભારો ધડ દઈ નીચે નાખીને બોલ્યો, 'આના કરતાં તો મોત આવે તો સારું; ઘરડે ઘડપણ પણ રોજની લાગેલી આ મજૂરી તો છૂટે!'

ડોસો આમ બોલ્યો તેની સાથે યમનો દૂત ત્યાં લાગલો જ હાજર થયો; 'કેમ ડોસા, શું કામ અમને યાદ કર્યા?'

યમદૂતને જોઈ ડોસો તો એવો ગભરાયો કે ન પૂછો વાત! તે કહે, "ઓહો, ભાઈ; તમે ભલે આવ્યા. મને આ ભારો ન ચડાવો? હું થાક ખાવા બેઠો હતો."

ભારો માથે લઈને ડોસો ચૂપચાપ ઘેર પહોંચી ગયો.

મરણ માગવું સહેલું છે, પણ આવે ત્યારે તેને વધાવી લેવાનું કામ અઘરું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

માખીઓનો ઝઘડો

એક ઝાડના પોલાણમાં માખીઓએ મધપૂડો કર્યો હતો. સૌને ખબર છે કે, માદા-માખી મધપૂડાનું કામ કરે છે; નરમાખી આળસુ ને એદી હોય છે.

એક વાર માદાઓ નહોતી ત્યારે નર-માખીઓએ મધપૂડાનો કબજો કરી લીધો. બહારથી માદાઓ આવી, પરંતુ નર-માખી કંઈ કરીને ખસે જ નહીં. નર અને માદા વચ્ચે ઝઘડો પડ્યો.

ઝઘડો પતવવા માટે માખીઓ ભમરી પાસે ગઈ, અને ફરિયાદ કરી.

ભમરીએ પૂછ્યું, "આ મધપૂડો તમારો છે?"

બંને પક્ષ હા કહે! કરવું શું, એ સવાલ થયો.

ભમરીએ તેમાંથી ઉકેલ આણ્યો, "ચાલો, બેઉ પક્ષ એક કામ કરો. તમે દરેક પક્ષ આ મધપૂડા જેવો બીજો નવો મધપૂડો બાંધી દેખાડો. એટલે મને ખબર પડશે કે, આ કોનો મધપૂડો છે."

માદાઓએ તરત હા પાડી. નર-માખીઓ કહે, "ના, અમે નવો શું કામ બાંધીએ? આ જ અમારો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે ભમરીએ કહ્યું, "આ મધપૂડો કોનો છે તે જણાઈ ગયું. એ માદા-માખીઓનો છે. નર-માખીનો તે નથી. જો હોય તો નવો રચવાની તેઓ ના શું કામ પાડે? 'સત્ય અને પ્રામાણિકતા નીડર હોય.'"

૨૬

બકરો અને વેલો

એક જંગલી બકરો હતો. શિકારીઓ ચડી આવ્યા જોઈને તે પાસે દ્રાક્ષના વેલા હતા તેમાં ભરાઈ ગયો. શિકારી તેની પાસે થઈને ગયા.

પણ બન્યું એવું કે, તેમણે બકરાને જોયો નહીં ને તે ત્યાંથી પસાર થઈ ગયા.

તેઓ ત્યાંથી પસાર થયા કે તરત બકરો દ્રાક્ષના વેલા ખાવા લાગ્યો. તેથી પાંદડાં હાલ્યાં. તેના અવાજથી શિકારીએ તે તરફ પાછું વળીને જોયું. બકરાભાઈ પકડાઈ ગયા. આમ મૂરખો બકરો ફસાઈ ગયો.

જેણે તેને બચવા માટે ઓથ આપી તેનું જ તે કાપવા લાગ્યો, એનું ફળ તેને તરત મળી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

ગધેડા-સિંહ



એક ગધેડો હતો. એક દહાડો સિંહનું ચામડું તેના હાથમાં આવ્યું. કોઈ શિકારી-એ તે સૂકવવા મૂકયું હતું. ગધેડાએ તે જોઈને વિચાર કર્યો, "બધા મને ગધેડો ગણી કશામાં ગણતા નથી. આજે ખરો લાગ છે: આ સિંહનું ચામડું પહેરી લઉં, પછી જોઈ લો મારો રોફ!"

આમ વિચારી તેણે પેલું ચામડું ઓઢીને ઘર ભણી ચાલવા માંડયું. થયું પણ એના ધાર્યા મુજબ જ: જે જુએ તે 'સિંહ આવ્યો' જાણીને ભડકે અને ભાગવા માંડે. ગધેડાના આનંદનો પાર ન રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ધીમે ધીમે ગધેડા-સિંહ પોતાના માલિકના ઘર આગળ આવ્યો. જેમણે જોયો તે બધા 'સિંહ આવ્યો રે સિંહ!' એમ ચીસ પાડી નાસવા લાગ્યા.

હવે બન્યું એમ કે, એક શિયાળ પાસેના ખેતરમાં ઘાસની ગંજી પાછળ લપાઈને બેઠું હતું, તે આ ગધેડા-સિંહને જતો જોતું હતું, પણ તે ખસ્યું નહિ;— એમ જાણીને કે, સિંહ તેને જોતો નથી. પણ ગધેડા-સિંહે તેને જોયું હતું. તે બીકથી નાઠું નહીં, તેથી ગધેડો ચિડાયો અને જોરથી ભૂંકીને કહેવા લાગ્યો, "એ શિયાળવા, જરા ભાન રાખ, નહીં તો મર્યું જાણ. હું કોણ છું તે દેખાય છે કે નહીં? ભાગ, નહીં તો કોળિયો જ કરી જઈશ."

લુચ્ચા શિયાળે ગધેડા-સિંહને ઓળખી કાઢ્યા. હવે શું કામ ડરે? તેણે તો 'ઊંકા ઊંકા' કરીને હસવા માંડ્યું. એ સાંભળીને ભાગી ગયેલા લોકો પણ પાછા આવ્યા અને તેમણે ગધેડા-સિંહને પકડ્યા. એકે એનું ચામડું ઉતારી લીધું. પછી તેમણે એને ખૂબ ફટકાર્યું!

કપડાંનો ડોળડમાક સાચા પોતને કયાં સુધી ઢાંકે? મોઢું ઊઘડે નહીં ત્યાં સુધી. વાણી નીકળી કે માણસ મૂરખ છે કે પંડિત એ તરત પરખાય છે. તેથી એમ પણ કહેવાય છે કે, 'પંડિતોની સભામાં મૂર્ખાએ મૌન રાખીને બેસવું સારું.' નહિ તો ગધેડા-સિંહ જેવા હાલ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

વરુ અને બકરો

એક ઊંચા ડુંગરાની ધાર ઉપર બકરો ચરતો હતો. નીચેથી તેને એક વરુએ જોયો. તેણે બકરાને કહ્યું, "અરે ભાઈ, આ તે કેવું સાહસ કરી રહ્યા છો? આમ ઊંચે ધાર પર ઊભા ઊભા ચરો છો, તે પગ ખસે તો? જુઓ, આ નીચે કેવું મજાનું લીલું લીલું ઘાસ છે? ઉપરનાં સૂકાં તણખલાં કરતાં કેવું મીઠું ને રસદાર છે? તમે નીચે આવો અને આ સાહસ છોડો."

બકરો કહે — વાહ વરુભાઈ, તમે ઠીક કહ્યું! પણ મને નીચે બોલાવો છો તે હું લીલું ભોજન કરું તે માટે, કે તમને મારું તાજું તગડું ભોજન મળે તેને સારુ?"

'મુખમાં રામ અને બગલમાં છરી' જેવી વાત કરતા વરુભાઈ દાવ ખાલી ગયો જોઈને ત્યાંથી રવાના થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં અન્ય પુસ્તકો

સ્વરાજ એટલે શું ?	મગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,, ,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,, ,,	૦–૬–૦
ઈસપ અને તેની વાતો ભાગ–૧	,, ,,	૦·૪૦ ન. પૈ.
,, ,, ,, ,, ભાગ–૨	,, ,,	૦·૪૦ ન. પૈ.
પ્રાચીન શીલ કથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,, ,,	૦–૭–૦
વેર અને અવિચાર	,, ,,	૦–૬–૦
નીતિ અને ધર્મ	,, ,,	૦–૬–૦
મલેરિયા	વિઠ્ઠલદાસ કોઠારી	૦–૭–૦
આહાર અને પોષણ ભા૦ ૧	ઝવેરભાઈ પટેલ	૦-૧૦-૦
,, ,, ,, ભા૦ ૨	,, ,,	૦-૧૨-૦
ઘરમાખી	બંસીધર ગાંધી	૦–૭–૦
ટાઇફૉઈડ	,, ,,	૦–૬–૦
પાણી	,, ,,	૦-૧૦-૦
મીઠું	,, ,,	૦-૧૨-૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦-૧૨-૦
શીલ અને સદાચાર	,, ,,	૦–૬–૦
જાણવા જેવી વાતો	,, ,,	૦·૩૫ ન. પૈ.
પચાસ પ્રેરક પ્રસંગો	,, ,,	૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો	,, ,,	૦-૧૦-૦
મોટાં માણસોનાં મન	,, ,,	૦–૬–૦
ભક્તરાજ	,, ,,	૧–૦–૦
પ્રતિભાનું પોત	,, ,,	૦–૬–૦
માનવજીવનનું ઝવેરાત	,, ,,	૦–૬–૦
જીવન અને મરણ	,, ,,	૦–૬–૦
ધર્મ-સંસ્થાપકો	,, ,,	૦–૬–૦
સંત-સમાગમ	,, ,,	૦–૬–૦
શેખ સાદીની બોધકથાઓ	,, ,,	૦–૮–૦
સંતોની જીવનપ્રસાદી	,, ,,	૦–૬–૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ ૧૪ — મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar